વાંસદામાં મોટા અવાજના મોડિફાઈડ સાયલેન્સરવાળી 6 બુલેટ ડિટેઈન

■ વાંસદા : ફટાકડા જેવા ઊંચા અવાજ કરતા મોડિફાઈડ સાયલેન્સર લગાવી બુલેટ મોટર સાયકલ ચલાવી જાહેર માર્ગો પર લોકોને હેરાન કરતા વાહનચાલકો સામે વાંસદા પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. વાંસદા પોલીસે મોડિફાઈડ સાયલેન્સર લગાવેલી કુલ 6 બુલેટ મોટર સાયકલો ડિટેઈન કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે આવા વાહનોના કારણે ધ્વનિ પ્રદૂષણ ફેલાય છે તેમજ સામાન્ય નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તેમજ ટ્રાફિક નિયમોનો ભંગ કરી ઊંચા અવાજના મોડિફાઈડ સાયલેન્સર લગાવી વાહન ચલાવનારાઓ સામે આવી કાર્યવાહી આગામી સમયમાં પણ યથાવત રહેશે. પોલીસે વાહનચાલકોને નિયમોનું પાલન કરવા તેમજ મંજૂર ધોરણ મુજબના સાયલેન્સરનો જ ઉપયોગ કરવા અપીલ કરી છે.

વિભાગનો ચાર્જ હજુ સુધી કોઇને ન સોંપાતા અનેક કાર્યો ખોટકાયા

વલસાડ પાલિકાનો મિલકત વેરા વિભાગ નધણિયાતો

મિલકત વેરા વિભાગના ઇન્ચાર્જની નિવૃત્તિ બાદ કોઇને ચાર્જ જ ન સોંપાતા અનેક અરજીઓ ખોરંભે

વલસાડ : વલસાડ નગરપાલિકાનો મિલકત વેરા વિભાગ હાલ નધણિયાતો બન્યો છે. આ વિભાગનો ચાર્જ હજુ સુધી કોઇને સોંપાયો નથી. જેને લઇ આ વિભાગના અનેક કાર્યો હાલ ખોટકાયા છે. હાલ આ વિભાગમાં વેરાની વસૂલાત સિવાય કોઇ કાર્ય થતાં નથી. પાલિકાનો મલાઇદાર ગણાતા આ વિભાગમાં હજુ સુધી કેમ કોઇની પોસ્ટીંગ થઇ નથી જેને લઇને પણ અનેક ચર્ચાઓ ચાલી રહી છે. વલસાડ નગરપાલિકાના મિલકત વેરા વિભાગના ઇન્ચાર્જ સુપ્રિન્ટેન્ડન્ટ રમણભાઇ રાઠોડ એક સપ્તાહ પહેલાં જ નિવૃત્ત થયા છે. તેમની નિવૃત્તિ બાદ અહીં કોઇ પણ જવાબદાર અધિકારી નથી. જવાબદાર અધિકારી ન હોવાના કારણે તેનો સોફ્ટવેર પણ બંધ છે. સોફ્ટવેરની કી પણ બદલાઇ ગઇ હોવાનું અહીંના હંગામી કર્મચારીઓએ જણાવ્યું હતું. ત્યારે આ વિભાગમાં મિલકત ટ્રાન્સફર, નવી મિલકતની નોંધણી વિગેરે અનેક પ્રકારના કાર્યો ખોરંભે પડ્યા છે. આ વિભાગના જવાબદારીવાળા કામ પર સહી માટે કોઇ જવાબદાર અધિકારીની નિમણૂક જ થઇ નથી.

વલસાડ નગરપાલિકાનો આ વિભાગ મલાઇદાર મનાય છે. જેના કારણે આ વિભાગમાં બદલીને લઇ અનેક અટકળો ચાલી રહી છે. આ વિભાગ ખુબ મહત્વનો પણ છે. તેમ છતાં હજુ સુધી અહીં કોઇની નિમણૂક કરાઇ નથી. જેને લઇ લોકોના અનેક મહત્વના કામો અટક્યા છે. આ વિભાગમાં બદલી માટે અગાઉ પણ અન્ય અધિકારીઓએ પ્રયાસ કર્યા હતા, પરંતુ તેમની બદલી થઇ શકી ન હતી. હાલ વિભાગ ખાલી પડ્યો હોવા છતાં અહીં કોઇની બદલી થતી નથી. જેને લઇ અનેક અટકળો ચાલી રહી છે.

ટૂંક સમયમાં અધિકારીને સત્તા અપાશે - સીઓ

આ સંદર્ભે વલસાડના ચીફ ઓફિસર યશપાલ વાઘેલાએ જણાવ્યું કે, મિલકત વેરા વિભાગની સત્તા 3 અધિકારીઓને આપવામાં આવશે. નવી ફાઇલ કે કોઇપણ ફાઇલ ત્રણ અધિકારી પાસે જશે અને પછી તેને મંજુર કરવામાં આવશે.

ધરમપુરના નાની ઢોલડુંગરીમાં દીપડાનો મહિલા પર હુમલો

માન ફળિયામાં વહેલી સવારે બનેલી ઘટનાથી ગ્રામજનોમાં ભય

ધરમપુર : વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના નાની ઢોલડુંગરી ગામના માન ફળિયામાં બુધવારે વહેલી સવારે દીપડાએ એક મહિલા પર હુમલો કરતાં સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગામના જ્યોતિબેન પટેલ (ઉંમર ૪૦) વહેલી સવારે ઘર નજીકના ખેતરમાં પ્લાસ્ટિકની પાઇપ વાળી રહ્યા હતા. તે દરમિયાન ઝાડીમાંથી અચાનક ધસી આવેલા દીપડાએ તેમના પર હુમલો કરી પગના ભાગે પંજો માર્યો હતો. જ્યોતિબેને બૂમાબૂમ કરતાં આસપાસથી લોકો દોડી આવ્યા હતા, જેથી દીપડો નાસી છૂટ્યો હતો. ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક સ્થાનિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર અર્થે ખસેડાયા હતા, જ્યાં તેમની તબિયત હાલ સુધારા પર છે.

બનાવની જાણ થતાં ધરમપુર વન વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને દીપડાને પાંજરે પૂરવા તજવીજ હાથ ધરી છે. સરપંચ યોગેશ પટેલ અને ગ્રામજનોના જણાવ્યા મુજબ, નાની ઢોલડુંગરી, મરઘમાળ અને બિલપુડી સહિતના આસપાસના વિસ્તારોમાં અગાઉ પણ દીપડાના હુમલાની અનેક ઘટનાઓ બની ચૂકી છે. ગ્રામજનોએ વન વિભાગ પાસે કાયમી ઉકેલ તરીકે સઘન પેટ્રોલિંગ હાથ ધરી દીપડાને વહેલી તકે પકડવાની માંગ કરી છે.

દાનહના સિલીના કેનાલ માર્ગ પર ભારે વાહનોનો આતંક

તંગ આવી ગયેલા ગ્રામજનોની કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ભારે વાહનો પર પ્રતિબંધ મૂકવા માંગ

વાપી : દાદરા અને નગર હવેલીના સિલી ગામના હરદુનપાડા વિસ્તારમાં કેનાલ માર્ગ પર ભારે વાહનોની અનિયંત્રિત અવરજવર સ્થાનિકો માટે માથાનો દુખાવો બની ગઈ છે. આ અંગે ગામના જાગૃત યુવાનોએ જિલ્લા કલેક્ટર પ્રિયંક કિશોરને આવેદનપત્ર સુપરત કરી તાત્કાલિક પ્રતિબંધ મૂકવા ઉગ્ર રજૂઆત કરી છે.

વહીવટીતંત્ર દ્વારા કેનાલ માર્ગનું સમારકામ કરવામાં આવતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો, પરંતુ આ માર્ગ પર હવે અદ્વૈતા ગુરુકુલ સ્કૂલની મોટી બસો, કંપનીઓના ટેમ્પો અને વિશાળ કન્ટેનરોની સતત અવરજવરને કારણે રસ્તો ફરીથી ખસ્તાહાલ થવાની ભીતિ સેવાઈ રહી છે. સાંકડા માર્ગ પર ભારે વાહનોની ગતિને કારણે શાળાએ જતા બાળકો, વૃદ્ધો અને રાહદારીઓના માથે જોખમ તોળાઈ રહ્યું છે. હજુ માંડ સમારકામ થયેલા રસ્તા પર ભારે વાહનોના વજનને લીધે રસ્તો જલ્દી ક્ષતિગ્રસ્ત થઈ રહ્યો છે. ગ્રામજનોએ આવેદનપત્ર દ્વારા માંગ કરી છે કે, ૧. આ માર્ગ પર ભારે વાહનોની અવરજવર પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવામાં આવે. ૨. ભારે વાહનો માટે કોઈ વૈકલ્પિક અને સુરક્ષિત રૂટ ફાળવવામાં આવે. ૩. જનસુવિધા અને ગ્રામજનોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્ર ત્વરિત પગલાં ભરે.

સ્થાનિકોને હવે જિલ્લા પ્રશાસન ત ર ફથી આ સંવેદનશીલ મુદ્દે સકારાત્મક અને નક્કર કાર્યવાહીની આશા છે.

મહારાષ્ટ્રમાં ઇકો-કન્ટેનરના અકસ્માતમાં ૪ યુવાનના મોત

ઘટનાની જાણ થતાં જ વલસાડ જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના અધ્યક્ષે હોસ્પિટલ પહોંચી કાર્યવાહી કરાવી

વલસાડ : મહારાષ્ટ્રના નાસિક જિ લ્લાના પેઠ તાલુકામાં પેઠ કોટંબી ચા ઘાટ નજીક ગુજરાત અને સેલવાસના પ્રવાસીઓને લઈ આવતી ઇકો કાર કન્ટેનર વચ્ચેના અકસ્માતમાં ઈકો નંબર જી.જે.15 સી.આર. 5659નો ભુક્કો બોલી ગયો હતો. જ્યારે તેમાં બેસેલા 4 લોકોના મોત નીપજ્યા હતાં. જેમાં કપરાડા તાલુકાના પીપરોની ગામના યુવાનનો પણ સમાવેશ થાય છે. જ્યારે અન્યોમાં સરીગામ, સંઘ પ્રદેશ સેલવાસના સાયલી અને સારંગીના યુવાનનો સમાવેશ થાય છે.

ઘટનાની સૌથી નોંધનીય બાબત એ હતી કે, ઘટનાની માહિતી મળતા જ કપરાડા તાલુકાના વડોલી જિ. પં. બેઠકના સભ્ય અને હાલે જ વલસાડ જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના અધ્યક્ષ બનેલા રેણુકાબેન દીપકભાઈ ઉદાર તાત્કાલિક મહારાષ્ટ્રના પેઠ પહોંચી પોલીસ મથકે જઈ સંકલન કરી જરૂરી કાર્યવાહી કરાવી હતી અને સરકારી દવાખાને પહોંચી મૃતકોના પી.એમ.વહેલી તકે થાય તે માટે ખડેપગે હાજર રહ્યા હતાં. તેમણે મૃતકોના પરિવારોને મળી સાંત્વના પણ આપી હતી.

સંક્ષિપ્ત સમાચાર

છીરીમાં ઈસમ મોબાઈલ ટાવર પર ચઢી ગયો

વાપી : વાપી નજીકના છીરીમાં એક ઈસમ મોબાઈલ ટાવર ઉપર ચડી ગયો હતો. આ દ્રશ્ય કોઈકે નિહાળતા ધીરે-ધીરે ત્યાં લોકોની ભીડ એકત્રિત થઈ ગઈ હતી. આ બનાવની જાણ થતાં રેસ્ક્યુ માટે વાપી મનપા અને નોટીફાઈડ ફાયર ટીમ અને પોલીસ ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી. જો કે, આ ઈસમ મોબાઈલ ફોન લઈને ગયો હોય અને તેણે રીલ્સ બનાવી હતી અને ઈન્સ્ટાગ્રામ પર મૂકી હતી. ટાવર પર ચડેલો ઈસમ નીચે ઉતરી ગયો હતો. આ બનાવને લઈ આ વિસ્તારમાં તંગનો માહોલ સર્જાયો હતો. આ બનાવ અંગે પોલીસ ટીમે આગળની તપાસ હાથ ધરી હતી.

મરોલીમાં શ્રી રણછોડજીની 21મી રથયાત્રા નીકળશે

મરોલી : ભારતીય સંસ્કૃતિની ધરોહર મરોલી નગરની મનોહર શ્રી રણછોડજીની 21મી રથયાત્રા અષાઢી બીજને ગુરુવાર તા. 16-6-2026ના દિને બપોરે 2.00 કલાકે રણછોડરાય ધામ, છીણમરોડ, મરોલીથી શુભ પ્રસ્થાન કરશે. રણછોડરાય ફાન્ડેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ખુમાનસિંહ વાંસીયાએ માહીતી આપતા જણાવ્યુ હતુ કે મરોલી રણછોડરાય ધામ ખાતેથી 21મી રથયાત્રાની તડામાર તૈયારી શરૂ થઇ ગઇ છે. આ રથયાત્રામાં ખાસ જગન્નાથ મંદિર બિહારથી તૈયાર કરીને આપવામાં આવેલી ભગવાન શ્રીકૃષ્ણ, બહેન સુભદ્રા, ભાઇશ્રી બલરામની કાષ્ટની મૂર્તિઓ સમગ્ર મરોલી નગરમાં ફેરવવામાં આવશે. રથયાત્રાનુ અનેરુ મહત્વ છે. આ દિવસે શ્રી ભગવાન રણછોડરાય જાતે સમગ્ર નગરમાં વિચરણ કરી ભક્તોને દર્શન આપશે. આ રથયાત્રા રણછોડરાય ધામ છીણમરોડથી નીકળી રાજારોડ લક્ષ્મીનારાયણ થઇ ઉભરાટ રોડ, મહુવર ગામ મહાદેવના મંદિરથી રણછોડરાય મંદિર પરત થશે. રથયાત્રાના સમગ્ર માર્ગ પર ભક્તજનો દ્વારા સાથીયા પુરી, ફુલના હાર તથા આસોપાલવના તોરણથી નગર ચર્યા પર નીકળેલા ભગવાનનું ભવ્ય સ્વાગત કરવામા આવશે. ગુજરાતના જાણીતા સંતો-મહંતો દિનેશભાઇ મહારાજ, ચહેરમાતાજી સતકૈવલ સંપ્રદાયના પરભુભાઇ વૈદ, સનાતન ધર્મના સોમદાસ બાપુ, પ.પુ.શ્રી દેવકીશોર સ્વામી, ધારાસભ્ય જંબુસર ખાસ ઉપસ્થિત રહેશે. મરોલીના પી.આઇ. અલ્પેશભાઇ ગાબાણીની ટીમ દ્વારા સમગ્ર રૂટ પર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

વલસાડમાં કલાયતન દ્વારા શનિવારે શાસ્ત્રીય વાદ્ય સંગીતનો કાર્યક્રમ

વલસાડ : વલસાડની સંગીતસંસ્થા કલાયતન દ્વારા વાદ્ય સંગીતના કાર્યક્રમનું આયોજન આગામી શનિવાર 18 જુલાઈ 2026 ના રોજ રાત્રે 8.30 કલાકે રાજપૂત સમાજ હોલ, વલસાડ કરવામાં આવ્યું છે. જેમાં મુંબઈના પ્રસિદ્ધ સંતુર વાદક રણજીત પાઠક પોતાની કલાની આગવી રજૂઆત કરશે. જેમની સાથે તબલા સંગત મુંઅજીત પાઠક કરશે. કાર્યક્રમના અન્ય કલાકાર અમદાવાદના હેતલ મહેતા જોશી સોલો તબલા વાદનની રજૂઆત કરશે. તેમની સાથે હાર્મોનિયમ પર લહેરાસંગત શિશિર ભટ્ટ કરશે. કલાયતના પ્રમુખ ડો. મનીષ મોદી અને સમગ્ર કલાયતનના હોદ્દેદારો કાર્યક્રમની સફળતા માટે જહેમત ઉઠાવી રહ્યા છે. કાર્યક્રમની વધુ માહિતી માટે કલાયતનના હોદ્દેદારોનો સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

ડાંગના સુબીર તાલુકામાં વધુ ૮ હનુમાનજી મંદિરોનું લોકાર્પણ કરાયુ

સાપુતારા : ડાંગ જિલ્લાના તમામ ૩૧૧ ગામોમાં શ્રી હનુમાનજી મંદિરોના નિર્માણના સંકલ્પ અંતર્ગત અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ મંદિરો તૈયાર થઈ ચૂક્યા છે. જે અંતર્ગત ૧૩ અને ૧૪ જુલાઈના રોજ સુબીર તાલુકાના વાડિયાવન, હનવંતઘોડી, ઝરી, આહિરપાડા, જામન્યા, માળગા, ખાજૂર્ણા અને બીજુરપાડા સહિત કુલ ૮ ગામોમાં ભક્તિભાવપૂર્વક મંદિરોનો લોકાર્પણ કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ પ્રસંગે દરેક ગામમાં શોભાયાત્રા, હનુમાન ચાલીસાના સમૂહપાઠ, ભજન-કીર્તન અને મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરાયું હતું. આ યાત્રાનો મુખ્ય સમાપન સમારોહ બીજુરપાડા ખાતે ૨૫૦૦થી વધુ ભક્તોની હાજરીમાં યોજાયો હતો. કાર્યક્રમમાં ઇશ્વરભાઇ ધોળકીયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું, જ્યારે સંકલનકર્તા પ્રભુભાઈ ધોળકીયાએ મંદિર નિર્માણની રૂપરેખા આપી હતી. પૂજ્ય પી.પી. સ્વામીજીએ મંદિરો દ્વારા આવનારી સામાજિક જાગૃતિ અને એકતા પર ભાર મૂક્યો હતો. સમારોહના પ્રમુખ સ્થાને સુરતના જાણીતા ઉદ્યોગપતિ ચેતનભાઈ કોન્ટ્રાક્ટર ઉપસ્થિત રહ્યા હતા. મંદિર નિર્માણના મુખ્ય દાતા અને સંકલ્પકર્તા ગોવિંદભાઇ ધોળકીયાએ ગ્રામજનો સાથે સંવાદ કરી આ પવિત્ર કાર્યમાં નિમિત્ત બનવા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. સતાધારથી ખાસ પધારેલા પૂજ્ય વિજયબાપુએ ગ્રામજનોના ઉત્સાહને જોઈ આશીર્વાદ પાઠવ્યા હતા. કાર્યક્રમમાં જમીનદાતાઓ અને સહયોગીઓનું શાલ તથા મંદિરની પ્રતિકૃતિ આપી સન્માન કરાયું હતું. ઉલ્લેખનીય છે કે, ડાંગના ગામો બાદ હવે આ મંદિર નિર્માણની યાત્રા કુલ ૧૧૧૧ નૂતન મંદિરોના લક્ષ્યાંક સાથે આગળ વધી રહી છે, જે આદિવાસી વિસ્તારો માટે આશીર્વાદરૂપ બનશે.

સંક્ષિપ્ત સમાચાર

સોશિયલ મીડિયા પર આત્મહત્યાનું સ્ટેટસ મૂકી ભાગેલા યુવકને સરીગામ પોલીસે બચાવ્યો

ઉમરગામ : સોશિયલ મીડિયા અકાઉન્ટ પર આત્મહત્યાનું સ્ટેટસ મૂકી ઘરેથી નીકળેલા એક યુવાનને સરીગામ પોલીસે હેમખેમ શોધી પરિવારને સોપતા હાશકારો થયો હતો. સરીગામ પોલીસ સ્ટેશનમાં એક મહિલા અરજદારે જાણ કરી હતી કે તેમનો 26 વર્ષીય પુત્ર ઘરેથી કોઈને કહ્યા પણ વગર નીકળી ગયો છે. અને તેણે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આત્મહત્યા કરવાનો સંકેત આપતું સ્ટેટસ મૂક્યું હોવાનું જણાવતા પોલીસ તરત જ એક્શનમાં આવી હતી. સરીગામ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર બી. આર. બેરા તથા પોલીસ સ્ટાફે ટેક્નિકલ માહિતીના આધારે યુવાનનુ લોકેશન મેળવી શોધી કાઢ્યો હતો. પોલીસ દ્વારા યુવાન સાથે સમજાવટ અને કાઉન્સેલિંગ કરી તેને માનસિક સ્થિતિ અંગે સમજણ આપવામાં આવી હતી ત્યારબાદ યુવકને તેના પરિવારજનોને સહીસલામત સોપ્યો હતો. સરીગામ પોલીસની સમયસરની કામગીરીથી એક પરિવાર પર આવી પડેલી મોટી આફત ટળી હતી. યુવાનના પરિવારજનોએ પોલીસનો આભાર માની પોલીસની કામગીરીની પ્રશંસા કરી હતી.

દેશસેવા બાદ વતન ચીખલીમાં સીઆઇએસએફના જવાનનો સન્માન સમારોહ યોજાયો

ઘેજ : સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ (CISF) માંથી નિવૃત્ત થયેલા જવાન અમૃતલાલના ભવ્ય સમારોહનું આયોજન ચીખલીમાં કરવામાં આવ્યું હતું. વતનની માટીમાં પગ મૂકતા જ અમૃતલાલ પર ફૂલોની વર્ષા થઈ અને લોકમેળાવડો ઉમટ્યો હતો. સમરોલી રહેતા અને સી.આઈ.એસ.એફ.ના જવાન અમૃતલાલના સન્માન સમારોહમાં તેમના પરિવારજનો, ગ્રામજનો, સગા-સંબંધીઓ તેમજ અર્ધ લશ્કરી સંગઠનના નિવૃત્ત થયેલા જવાનો અને વીરાંગનાઓ ઉપસ્થિત રહ્યા હતા. વતનની સરહદો અને દેશની આંતરિક સુરક્ષાનું ધ્યાન રાખનારા આ જવાન પોતાના વતન ચીખલી આવી પહોંચતા ગ્રામજનોએ ઉમળકાભેર ફૂલોની વર્ષા કરી સ્વાગત કર્યું હતું. આ સમારોહ સન્માન યાત્રામાં અર્ધ લશ્કરી સંગઠનના નિવૃત્ત જવાનો ખાસ ડ્રેસ કોડમાં સજ્જ થઈને શિસ્તબદ્ધ રીતે જોડાયા હતા. તો બલિદાન આપનારા કે સેવા કરનારા પરિવારોની વીરાંગનાઓ ખાસ તિરંગા સાડીમાં જોવા મળી હતી. નિવૃત્ત જવાન અમૃતલાલને સલામી અને તેમના આગામી નિવૃત્ત જીવન માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.

અંધારપાડા ગામમાં જુગાર રમતા 3 ઝડપાયા

વલસાડ : નાનાપોંઢા તાલુકાના અંધારપાડા ગામના બરડા ફળિયાના એક મકાનમાં પોલીસે છાપો મારી ગંજીપાનાનો જુગાર રમતા 3 ઇસમોને ઝડપી પાડી દાવ પરના રૂપિયા 4800 અને 3 મોબાઇલ, 3 મોટરસાયકલ મળી કુલ રૂપિયા 1.60 લાખનો મુદામાલ કબજે કર્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ફરિયાદી અ.પો.કો.સંદીપસિંહ ઘનશ્યામસિંહ ગોહિલે નાનાપોંઢા પોલીસે નોંધાવેલી ફરિયાદ મુજબ, અંધારપાડા બરડા ફળિયામાં રઘલાભાઈ મનશુભાઈની જમીનમાં આવેલા ખુલ્લા છાપરાના મકાનમાં જમીન ઉપર બેસી ગંજીપાનાનો જુગાર સ્થળે છાપો મારતા ત્રણ ઇસમો રઘલાભાઈ મનસુભાઈ વળવી (રહે.નિશાળ ફળિયા, અંધારપાડા), દાદુભાઈ લાછિયાભાઈ ગાંવિત (રહે.લોહાર ફળિયા, ભંડારકચ્છ) અને મનોજભાઈ રમણભાઈ બોરસા (રહે. બોરસાપાડા ફળિયા, દાદરા નગર હવેલી)ની અટક કરી તેમની પાસેથી દાવ પરના રૂપિયા 4800, 3 મોબાઇલ કિંમત રૂપિયા 11000 અને 3 મોટરસાયકલ કિંમત રૂપિયા 1.45 લાખ મળી કુલ રૂપિયા 1,60,800નો મુદામાલ કબજે કર્યો હતો. જ્યારે અન્ય 4 ઇસમો ભાગી છૂટ્યા હતાં. ઘટના અંગે અ.હે.કો. સંદીપ ગોહિલે પકડાયેલા ત્રણ ઇસમો સામે નાનાપોંઢા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

નાનાપોંઢા તાલુકા હેલ્થ ઓફિસમાં વાપી તાલુકો દર્શાવતું બોર્ડ મૂકાયું

મીડિયાએ ફોટો પાડતા જ ગણતરીની મિનિટોમાં વાપી તાલુકો નાબૂદ કરી તેના સ્થાને નાનાપોંઢા તાલુકો દર્શાવતું સ્ટીકર લગાવાયું

વલસાડ : નાનાપોંઢા તાલુકો બન્યાને મહિનાઓ વીતી ગયા હોવા છતાં નાનાપોંઢામાં કાર્યરત થયેલી તાલુકો હેલ્થ ઓફિસમાં તાલુકા હેલ્થ ઓફિસ વાપીનું બોર્ડ જોવા મળતા આશ્ચર્ય સર્જાયું હતું. નોંધનીય છેકે, વાપી તાલુકાને નાબૂદ કરી નવો નાનાપોંઢા તાલુકો અસ્તિત્વમાં આવ્યો હતો. જે બાદ મામલતદાર કચેરી, તાલુકો વિકાસ અધિકારી કચેરી કાર્યરત થતાં નાનાપોંઢા તાલુકો દર્શાવતા બોર્ડ લગાવામાં આવ્યા હતાં. જોકે સી.એચ.સી. નાનાપોંઢા કેમ્પસમાં આવેલી તાલુકો હેલ્થ ઓફિસમાં વાપી તાલુકાનું બોર્ડ જોવા મળ્યું હતું. બુધવારે મીડિયાએ પહોંચી કચેરીની બ કરાયેલા બોર્ડનો ફોટો લીધો હતો. જેના ગણતરીના સમય બાદ સ્ટાફ દ્વારા તાત્કાલિક સ્ટીકર બનાવી નાનાપોંઢા તાલુકાનું બોર્ડ બનાવ્યું હતું જે ચર્ચાનો વિષય બન્યો હતો.

વલસાડના શિક્ષકનું છાતીમાં દુખાવો થયા બાદ મોત

ઘેજ : વલસાડના શિક્ષકને છાતીમાં દુઃખાવો થયા બાદ બેભાન અવસ્થામાં હોસ્પિટલ ખસેડાતા મોત નીપજ્યું હતું. ચીખલી તાલુકાના રાનકુવા પોલીસ ચોકી પાછળ આવેલી શિવ શક્તિ રેસિડેન્સી અને મૂળ માછીવાડ ભાગલ વલસાડ તા.જિ.વલસાડ ખાતે રહેતા મહેશભાઈ હરિષભાઈ પટેલ જે ડાંગ જિલ્લાના વઘઈ ગામે બોડીગાવઠા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. બુધવારની વહેલી સવારના સમયે ગભરાટ થતા બાથરૂમમાં જતા આકસ્મિક રીતે પડી જતા બેભાન અવસ્થામાં રાનકુવા ખાતે હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. ઉપરોક્ત બનાવ અંગેની ફરિયાદ પત્ની વનીતાબેન મહેશભાઈ ટંડેલ (હાલ રહે. શિવ શક્તિ રેસિડેન્સી રાનકુવા)એ કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ-આર.એન.વાડલે કરી રહ્યા છે.

નવસારીમાં પાર્ક કારમાં તોડફોડ કરી રૂપિયા 68 હજારની ચોરી

CCTVમાં ત્રણ શંકાસ્પદ દેખાયા

વ્યસ્ત વિસ્તારમાં દિનદહાડે બનેલી ઘટનાએ સુરક્ષા વ્યવસ્થા સામે પ્રશ્નો ઊભા કર્યા

નવસારી : નવસારી શહેરના સૌથી વ્યસ્ત અને સંવેદનશીલ ગણાતા કોર્ટ વિસ્તાર સામે દિવસદહાડે પાર્ક કરેલી કારનો કાચ તોડી રૂપિયા 68 હજારની મત્તાની ચોરી થતાં સુરક્ષા વ્યવસ્થા અંગે અનેક પ્રશ્નો ઊભા થયા છે. ઘટનાસ્થળની આસપાસ વેપારી સંસ્થાઓ, કોર્ટમાં આવતા લોકો અને સતત વાહનોની અવરજવર હોવા છતાં તસ્કરો નિર્ભયતાથી ઘટનાને અંજામ આપ્યો હતો.

પોલીસ ફરિયાદ મુજબ, વર્ષાબેન બોરસેએ પોતાની કાર કોર્ટ સામે પાર્ક કરી હતી. થોડા સમય બાદ પરત ફરતા કારની ડ્રાઇવર સાઇડનો કાચ તૂટેલો હતો. તપાસ કરતાં કારમાં રાખેલું પર્સ ગાયબ હતું. તેમાં રૂ. 65 હજાર રોકડા, વિવો ડ-1 મોબાઇલ, ઓળખકાર્ડ અને તિજોરીની ચાવીઓ સહિત કુલ રૂ. 68 હજારની મત્તા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

તપાસ દરમિયાન CCTV ફૂટેજમાં ત્રણ શંકાસ્પદ વ્યક્તિઓ કારની આસપાસ ફરતા જોવા મળ્યા હતા. જોકે ઉપલબ્ધ ફૂટેજમાં કારનો કાચ તોડવાની ઘટના સ્પષ્ટ રીતે કેદ થઈ નથી.

ઘટનાએ કેટલાક મહત્વના પ્રશ્નો પણ ઊભા કર્યા છે. કોર્ટ જેવા સતત અવરજવર ધરાવતા વિસ્તારમાં દિવસ દરમિયાન કારનો કાચ તોડીને ચોરી કેવી રીતે થઈ?

પોલીસે ગુનો નોંધી CCTV ફૂટેજ, ટેક્નિકલ પુરાવા અને અન્ય માહિતીના આધારે તપાસ આગળ ધપાવી છે. હાલ સુધી કોઈની ધરપકડ થઈ નથી. તપાસ પૂર્ણ થયા બાદ જ ઘટનાની સંપૂર્ણ હકીકત સામે આવશે.

દુલસાડની ખાડીમાં અસંખ્ય મૃત માછલીઓ તણાઈ આવી

ખાડીમાં કાળા રંગનું અને તીવ્ર દુર્ગંધ ફેલાવતું પાણી વહેતું જોવા મળતાં ગ્રામજનોમાં ભારે રોષ

વલસાડ : વલસાડ તાલુકાના દુલસાડ ગામની ખાડીમાં અચાનક કાળા રંગનું અને તીવ્ર દુર્ગંધ ફેલાવતું પાણી વહેતું જોવા મળતાં પર્યાવરણ અને સ્થાનિક જનજીવન પર ગંભીર અસરની આશંકા ઊભી થઈ છે. ખાડીમાં મોટી સંખ્યામાં મૃત માછલીઓ તણાઈ આવતાં ગ્રામજનોમાં ભારે રોષ અને ચિંતા ફેલાઈ છે. છેલ્લા કેટલાક દિવસોથી ખાડીના પાણીનો રંગ બદલાઈ ગયો છે અને તેમાં કેમિકલ જેવી દુર્ગંધ આવી રહી છે. આ પાણીના કારણે જળચર જીવસૃષ્ટિને મોટું નુકસાન પહોંચ્યું હોવાનું માનવામાં આવી રહ્યું છે. ખાડીમાં અનેક માછલીઓ મૃત હાલતમાં જોવા મળતાં પ્રદૂષણની ગંભીરતા સામે આવી છે.

આ મુદ્દે દુલસાડના વતની તથા સમસ્ત આદિવાસી સમાજના નવસારી જિલ્લા પ્રમુખ ડૉ. નિરવ પટેલે જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી છે. તેમણે ખાડીમાં ફેલાયેલા પ્રદૂષણના ફોટોગ્રાફ્સ અને વીડિયો પુરાવા પણ રજૂ કરીને સમગ્ર મામલે તાત્કાલિક તપાસની માંગ કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે ખાડીમાં છોડવામાં આવતું શંકાસ્પદ પ્રદૂષિત પાણી ભૂગર્ભજળને પણ દૂષિત કરી શકે છે. ઉપરાંત ખેતીના પાકને નુકસાન પહોંચવાની અને સ્થાનિક લોકોના આરોગ્ય પર પ્રતિકૂળ અસર થવાની પણ ભીતિ વ્યક્ત કરવામાં આવી છે. તેમણે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ને સ્થળ પર મોકલી પાણીના નમૂનાઓ એકત્ર કરી વૈજ્ઞાનિક તપાસ કરાવવાની માંગ કરી છે.

જાહેર નોટીસ /સમન્સ - નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં

જન્મ મરણ નોંધણી અરજી નં.૧૮૩/૨૦૨૬

અરજદાર : બુધિયાભાઈ રતિલાલ પટેલ, રહે.ખેરગામ, દાદરી ફળિયા તા.ખેરગામ જિ.નવસારી

વિરૂધ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,ખેરગામ તા.ખેરગામ જિ.નવસારી

આ કામના અરજદારશ્રી બુધિયાભાઈ રતિલાલ પટેલ રહે. ખેરગામ, દાદરી ફળિયા તા.ખેરગામ જિ.નવસારીએ તેમના દાદી લક્ષ્મીબેન ધનજીભાઈ પટેલનું મરણ મોજે ખેરગામ તા.ખેરગામ જિ.